# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૯.૦૩.૨૦૧૯

-----------

**આજરોજ વડોદરા લોકસભા બેઠકના લોકલાડીલા ઉમેદવાર શ્રીમતી રંજનબેન ભટ્ટના નામાંકન પત્ર દાખલ કરવાના પૂર્વે આયોજિત વિશાળ જનસભાને સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**આવનારી લોકસભાની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ આતંકવાદ, ઈમાનદાર વિરૂધ્ધ બેઈમાન તેમજ કામદાર વિરુદ્ધ નામદારની ચૂંટણી છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**એક તરફ ચોકીદાર છે જ્યારે, બીજી તરફ ચોરોની જમાત છે.**
**દેશની જનતા પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એક વખત દેશનું સુકાન સંભાળવાની જવાબદારી આપવાનું મન બનાવી ચૂકી છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

ભાજપા મીડિયા સેલની અખબાર યાદી જણાવે છે કે, આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરા લોકસભા બેઠકના લોકલાડીલા ઉમેદવાર શ્રીમતી રંજનબેન ભટ્ટના નામાંકન પત્ર દાખલ કરવાના પૂર્વે આયોજિત વિશાળ જનસભાને સંબોધી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વડોદરા શહેરનો વિકાસ વેગવાન બન્યો છે. આવનારી લોકસભાની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ આતંકવાદ, ઈમાનદાર વિરુદ્ધ બેઈમાન તેમજ કામદાર વિરુદ્ધ નામદારની ચૂંટણી છે, એક તરફ ચોકીદાર છે જ્યારે બીજી તરફ ચોરોની જમાત છે પરંતુ, જનતા દેશના ચોકીદાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એક વખત દેશનું સુકાન સંભાળવાની જવાબદારી આપવાનું મન બનાવી ચૂકી છે.

કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભૂતકાળની સરકારોની ગરીબવિરોધી નીતિઓના કારણે ગરીબ વધારે ગરીબ બનતો ગયો પરંતુ, આઝાદીના આટલા વર્ષો પછી પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં દેશને એક એવા નેતા મળ્યા છે જે કહે છે કે, દેશના સંસાધનો ઉપર સૌથી પહેલો અધિકાર દેશના ગરીબ, શોષિત અને પીડિત વર્ગનો છે અને આ વર્ગના ઉત્થાન માટે તેઓ અવિરતપણે કાર્યરત છે, જે દેશની ૧૩૦ કરોડ જનતાએ છેલ્લા પાંચ વર્ષમાં અનુભવ્યું છે.

આ કાર્યક્રમ બાદ ભવ્ય રોડ-શોનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક જનતા, ભાજપના કાર્યકરો-સમર્થકો તથા વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારબાદ શ્રીમતી રંજનબેન ભટ્ટે વડોદરા લોકસભા બેઠકની ઉમેદવારી માટે નામાંકન પત્ર દાખલ કર્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૯.૦૩.૨૦૧૯

-----------

**આવતીકાલે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના ગાંધીનગર લોકસભા બેઠક પર નામાંકન દાખલ કરવા પૂર્વે સવારે ૯.૦૦ કલાકે ભવ્ય રોડ-શો યોજાશે.**

-----------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નામાંકન પત્ર દાખલ કરવાના પ્રસંગે યોજાનાર જનસભા તેમજ ભવ્ય રોડ-શોમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, કેબીનેટ મંત્રીશ્રી નીતિન ગડકરીજી, શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજી, પંજાબના પૂર્વમુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સહિત મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.**

-----------

**૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે અત્યાર સુધીના સૌથી વ્યાપક એવા 'મૈં ભી ચૌકીદાર' ટાઉન હોલ પ્રોગ્રામ અંતર્ગત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના ૫૦૦ તથા ગુજરાતના ૫૦ જેટલા સ્થાનો ઉપરથી પ્રજા સાથે સીધો સંવાદ કરશે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**'મૈં ભી ચૌકીદાર' ટાઉન હોલ પ્રોગ્રામ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી પંચમહાલ, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ પાટણ, ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર આણંદ અને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સુરત ખાતે ઉપસ્થિત રહેશે.**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મૈં ભી ચૌકીદાર' અભિયાનને અત્યાર સુધીમાં ૩૦ લાખ વખત રીટ્વીટ અને ૧.૫ કરોડ જેટલા ઇમ્પ્રેશન્સ (પ્રતિસાદ) સાથે સોશીયલ મીડિયા ઉપર 'મૈં ભી ચૌકીદાર'ના હેશટેગ્ સાથે શરૂ થયેલા અભિયાનને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ચૂંટણી એ લોકશાહીનો મોટામાં મોટો તહેવાર છે. અને મત આપવો એ આપણી પવિત્ર ફરજ છે તો ૨૦૧૯ની ચુંટણીમાં પ્રત્યેક નાગરિક અવશ્ય મતદાન કરે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ "શ્રી કમલમ્" ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, આવતીકાલે ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ નામાંકન પત્ર દાખલ કરવાના હોય તેમના નારણપૂરા ખાતે આવેલ જૂના નિવાસસ્થાન પાસેની શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે જનસભાનું આયોજન કરવામાં આવ્યુ છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, કેબીનેટ મંત્રીશ્રી નીતિન ગડકરીજી, શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજી, પંજાબના પૂર્વમુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સહિત મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ત્યારબાદ ભવ્ય રોડ-શોની શરૂઆત થશે, જે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા થી આગળ વધતાં પલ્લવ ચાર રસ્તા - શાસ્ત્રીનગર - પ્રભાત ચોક થઇ પાટીદાર ચોક સુધી આશરે ૪ કિલોમીટર સુધી યોજાશે. આ રોડ-શોના સમાપન બાદ શ્રી અમિતભાઇ શાહ ગાંધીનગર મુકામે પહોંચશે, જ્યાં સેકટર-૬/૭ના બસસ્ટેન્ડથી પથિકાશ્રમ સુધી ભાજપાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી માનવ સાંકળનું નિર્માણ કરી શ્રી અમિતભાઇ શાહને વધાવશે. આવા ઉત્સાહજનક વાતાવરણમાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ જ્વલંત વિજયના સંકલ્પ સાથે કલેકટર કચેરી ખાતે નામાંકન દાખલ કરશે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

આગામી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રહિત માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પુનઃ પ્રચંડ બહુમતી સાથે ફરી એકવખત દેશના ચોકીદાર બનીને દેશની સેવા કરશે તેવો વિજયસંકલ્પ વ્યક્ત કરતા શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વ્યક્તિત્વ અને નેતૃત્વમાં પ્રજાએ મુકેલા વિશ્વાસને લીધે શ્રી નરેન્દ્રભાઇ મોદીની નાનામાં નાની વાત જનઆંદોલન સ્વરૂપે સમગ્ર દેશવાસીઓ સ્વીકારે છે, સોશીયલ મીડિયા ઉપર 'મૈં ભી ચૌકીદાર'ના હેશટેગ સાથે શરૂ થયેલા અભિયાનને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. આ અભિયાન હવે સ્વયંભૂ લોકઆંદોલનમાં પરિવર્તિત થઇ ચૂક્યુ છે. આ અભિયાનને અત્યાર સુધીમાં ૩૦ લાખ વખત રીટ્વીટ અને ૧.૫ કરોડ જેટલા ઈમ્પ્રેશન્સ (પ્રતિસાદ) મળ્યા છે. 'મૈં ભી ચૌકીદાર' અભિયાન સાથે જોડાયેલ વિડીયો સોશીયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર એક કરોડ કરતાં વધુ લોકો નિહાળી ચૂક્યા છે. જે દર્શાવે છે કે આ અભિયાન એક જનઆંદોલન સ્વરૂપે સમગ્ર ભારતમાં પ્રસરી રહ્યું છે.

શ્રી વાઘાણીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરેલ 'ચૌકીદાર' શબ્દની પુન્ર્વ્યાખ્યાનો ઉલ્લેખ કરતાં જણાવ્યુ હતુ કે, દેશમાં ગરીબી, ભ્રષ્ટાચાર, અસ્વચ્છતા, આતંકવાદ અને અન્ય સામાજીક દુષણો સામે લડનાર દેશની પ્રત્યેક વ્યક્તિ દેશનો ચોકીદાર છે. દેશના વિકાસ માટે અથાગ પરિશ્રમ કરતી પ્રત્યેક વ્યક્તિ ચોકીદાર છે. આજે, પ્રત્યેક ભારતીય 'મૈં ભી ચૌકીદાર' કહેવામાં ગર્વ અનુભવે છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે અત્યાર સુધીના સૌથી વ્યાપક એવા 'મૈં ભી ચૌકીદાર' ટાઉન હોલ પ્રોગ્રામ અંતર્ગત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના ૫૦૦ તથા ગુજરાતના ૫૦ જેટલા સ્થાનો ઉપરથી પ્રજા સાથે સીધો સંવાદ કરશે. 'મૈં ભી ચૌકીદાર' અભિયાન અંતર્ગત આ સીધા સંવાદમાં ડૉક્ટર્સ, વકીલો, એકાઉન્ટન્ટ્સ, આઇ.ટી. પ્રોફેશનલ્સ અને અન્ય વ્યવસાયિકો, નવા મતદારો, ખેડુતો, નિવૃત્ત કર્મચારીઓ, વેપારી અને ઉદ્યોગપતિઓ સહિત પ્રત્યેક નાગરિક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે સીધા સંવાદમાં જોડાશે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, 'મૈં ભી ચૌકીદાર' ટાઉન હોલ પ્રોગ્રામ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી પંચમહાલ, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ પાટણ, ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર આણંદ અને તેઓ સ્વયં સુરત ખાતે ઉપસ્થિત રહેશે.

ચૂંટણી એ લોકશાહીનો મોટામાં મોટો તહેવાર છે અને મત આપવો એ આપણી પવિત્ર ફરજ છે તો ૨૦૧૯ની ચુંટણીમાં પ્રત્યેક નાગરિક અવશ્ય મતદાન કરે એવી અપીલ શ્રી વાઘાણીએ કરી હતી.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૨૯.૦૩.૨૦૧૯

-----------

**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા**
**ખેડા જિલ્લા અને વડોદરા શહેરના ભાજપાના કાર્યકારી પ્રમુખશ્રીઓની વરણી કરવામાં આવી.**

-----------

ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા ખેડા જિલ્લાના ભાજપાના કાર્યકારી પ્રમુખ તરીકે શ્રી દશરથભાઇ પટેલ (વકીલ ભૂપેન્દ્રભાઇ) તથા વડોદરા મહાનગરના ભાજપાના કાર્યકારી પ્રમુખ તરીકે શ્રી ભૂપેન્દ્રભાઇ લાખાવાલાની નિમાણૂંક કરી છે.

આ બંને જિલ્લા/મહાનગરોના ભાજપાના પ્રમુખશ્રીઓ લોકસભાના ઉમેદવાર હોય સંગઠનની વ્યવસ્થાઓ જોવા માટે ઉપરોક્ત કાર્યકારી પ્રમુખોની નિમાણૂંક કરવામાં આવી છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૨૯.૦૩.૨૦૧૯

-----------

**હાઈકોર્ટ એ બંધારણીય સંસ્થા છે અને તેનો નિર્ણય બધા માટે શિરોમાન્ય હોય છે**

**– શ્રી મનસુખભાઈ માંડવીયા**

-----------

**બંધારણીય સંસ્થાઓનું અપમાન અને અવગણના કરવી તે કોંગ્રેસની હંમેશા નીતિરીતિ રહી છે.**

**– શ્રી મનસુખભાઈ માંડવીયા**

-----------

**કોંગ્રેસ નિ:સહાય બની ગઈ છે,**

**નેતૃત્વવિહિન કોંગ્રેસ પાસે હવે કોઈ ચહેરો નથી,**

**એટલે બીજાને આગળ કરીને ગમેતેમ રીતે ચૂંટણીની વેતરણી પાર કરવાના નિષ્ફળ પ્રયાસો કરે છે**

**– શ્રી મનસુખભાઈ માંડવીયા**

-----------

કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પ્રદેશ મહામંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ હાઈકોર્ટના ચૂકાદા અંગે નિવેદન આપતા જણાવ્યુ હતુ કે, ભાજપાએ હંમેશા બંધારણનું સન્માન કર્યુ છે. ભાજપા ક્યારેય કોઈને ચૂંટણી લડતા અટકાવતું નથી. હાર્દિક ચૂંટણી ન લડી શકે તે નિર્ણય હાઈકોર્ટનો છે. હાઈકોર્ટ એ બંધારણીય સંસ્થા છે અને તેનો નિર્ણય બધા માટે શિરોમાન્ય હોય છે.

શ્રી માંડવીયાએ જણાવ્યુ હતુ કે, બંધારણીય સંસ્થાઓનું અપમાન અને અવગણના કરવી તે કોંગ્રેસની હંમેશા નીતિરીતિ રહી છે. કેગના રિપોર્ટ ઉપર શંકા કરવી, સીબીઆઈની નિષ્પક્ષ તપાસો સામે આંગળી ઉઠાવવી, ઈવીએમ મશીન પર શંકા કરવી, છત્તીસગઢ-મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં જો કોંગ્રેસ જીતે તો ઈવીએમ સાચા પરંતુ જે રાજ્યોમાં કોંગ્રેસ હારે ત્યાં ઈવીએમ ખોટા તે જ રીતે જો પોતાની તરફેણમાં ચૂકાદો આવે તો કોર્ટના નિર્ણયો સ્વીકાર્ય પરંતુ જો પોતાની વિરૂધ્ધમાં ચૂકાદો આવે તો બંધારણીય સંસ્થાઓને બદનામ કરવી અને તેનું અપમાન કરવું તે કોંગ્રેસની વર્ષોથી નીતિરીતિ રહી છે.

શ્રી માંડવીયાએ અંતમાં જણાવ્યુ હતુ કે, વાસ્તવમાં કોંગ્રેસ નિ:સહાય બની ગઈ છે, નેતૃત્વવિહિન કોંગ્રેસ પાસે હવે કોઈ ચહેરો નથી, એટલે બીજાને આગળ કરીને ગમેતેમ રીતે ચૂંટણીની વેતરણી પાર કરવાના નિષ્ફળ પ્રયાસો કરે છે.

**(પ્રશાંત વાળા)**

પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ